Paper Code - 3565

B.A. Semester-III (Political Science)
July-September-2021
Core Elective – 303 Indian Polity - I

કુલ સમય :– ૬૦ મીનીટ **કુલ પ્રશ્નો : ૫૦** **વિદ્યાર્થીએ ટીક કરવાના પ્રશ્નો : ૩૫**

નોંધ : વિદ્યાર્થીએ માત્ર ૩૫ પ્રશ્નો જ ટીક કરવાના રહેશે. જો વધારે ટીક કરેલ હશે તો પ્રથમ ૩૫ પ્રશ્નો જ ગણતરીમાં લેવામાં આવશે.

૧. " ભારતીયોને તેમનું ધ્યેય નક્કી કરવાનો અધિકાર હોવો જોઈએ " આ વિધાન કોનું છે?
(a) જવાહરલાલ નેહરુ (b) સરદાર પટેલ (c) ડૉ. આંબેડકર (d) મહાત્મા ગાંધી

૨. બંધારણ સભાની રચનાની ભલામણ કોણે કરી?
(a) સાઈમન કમિશન (b) કેબિનેટ મિશન (c) બ્રિટિશ આમસભા (d) ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ

૩. ભારતીય બંધારણ સભાની ચુંટણીઓ ક્યારે યોજાઈ ?
(a) જુલાઈ ૧૯૪૬ (b) જુલાઈ ૧૯૪૭ (c) નવેમ્બર ૧૯૪૯ (d) જાન્યુઆરી ૧૯૫૦

૪. બંધારણ સભાની પ્રથમ બેઠક ક્યારે મળી?
(a) ૯ ડીસેમ્બર ૧૯૪૬ (b) ૯ જાન્યુઆરી ૧૯૪૬ (c) ૨૬ નવેમ્બર ૧૯૪૯ (d) ૨૬ જાન્યુઆરી ૧૯૫૦

૫. બંધારણ સભાના કાયમી પ્રમુખ તરીકે કોની નિમણુક કરવામાં આવી હતી?
(a) ડૉ. સચ્ચિદાનંદ સિંહા (b) ડૉ. બી.આર. આંબેડકર (c) ડૉ. રાજેન્દ્ર પ્રસાદ (d) મહાત્મા ગાંધી

૬. બંધારણ સભામાં હેતુલક્ષી ઠરાવ કોણે રજૂ કર્યો ?
(a) ડૉ. બી. આર. આંબેડકરે (b) પંડિત જવાહરલાલ નહેરુએ (c) પંડિત મોતીલાલ નહેરુએ (d) સરદાર પટેલે

૭. બંધારણની મુત્સદા સમિતિના અધ્યક્ષ કોણ હતા ?
(a) સરદાર પટેલ (b) મૌલાના આઝાદ (c) ડૉ. આંબેડકર (d) બી. એન. રાવ

૮. રાજ્ય નીતિના માર્ગદર્શક સિદ્ધાંતો કયા દેશના બંધારણમાંથી લેવામાં આવ્યા છે ?
(a) ઈંગ્લેન્ડ (b) કેનેડા (c) આયર્લેન્ડ (d) અમેરિકા

૯. નીચેનામાંથી કઈ ભારતીય બંધારણની ખાસિયત છે ?
(a) લિખિત અને મોટામાં મોટું બંધારણ (b) બિનસાંપ્રદાયિકતા (c) એક જ નાગરિકત્વ (d) ઉપરોક્ત તમામ

૧૦. .....ના કારણે ભારતનું બંધારણ વિસ્તૃત બનવા પામ્યું છે ?
(a) બંધારણીય સુધારા (b) ન્યાયીક ચુકાદાઓ (c) સંસદીય કાયદાઓ (d) ઉપરોક્ત તમામ

૧૧. " હકીકતમાં અધિકારો સામાજીક જીવનની એવી જરૂરિયાતો છે કે , જેના સિવાય કોઈપણ વ્યક્તિ પોતાની શ્રેષ્ઠતા સિધ્ધ કરી શકતો નથી". આ વિધાન કોનું છે ?
(a) એરિસ્ટોટલ (b) સોક્રેટિસ (c) લાસ્કી (d) આંબેડકર

૧૨. ભારતીય બંધારણના કયા ભાગમાં મૂળભૂત અધિકારનો સ્વીકાર કરવામાં આવ્યો છે?
(a) પ્રથમ (b) બીજા (c) ત્રીજા (d) છઠ્ઠા

૧૩. નીચેનામાંથી કઈ બાબત મૂળભૂત અધિકારોની વિશેષતા છે ?
(a) અમલ અને રક્ષણની જોગવાઈ (b) સંપૂર્ણ અને અનિયંત્રિત નથી
(c) કાયદા સમક્ષની સમાનતા નાગરિકો ન હોય તેમને પણ મળે છે. (d) ઉપરોક્ત ત્રણેય

૧૪. મૂળભૂત અધિકારોથી ....,.....
(a) વ્યક્તિનો સર્વાંગી વિકાસ થાય છે. (b) વ્યક્તિની સ્વતંત્રતાનું રક્ષણ થાય છે.
(c) ધારાસભા અને કારોબારી ઉપર અંકુશ રહે છે. (d) ઉપરોક્ત તમામ.

૧૫. ભેદભાવ પ્રતિષેધ...કયા અધિકાર સાથે સંકળાયેલ છે ?
(a) સમાનતા (b) સ્વતંત્રતા (c) શોષણ વિરુદ્ધના (d) ધર્મ સ્વાતંત્ર્ય

૧૬. ગેરકાયદેસર ધરપકડ અને અટકાયત સામે રક્ષણ કયા અધિકાર હેઠળ મળવાપાત્ર છે ?
(a) સમાનતા (b) સ્વતંત્રતા (c) શોષણ સામેના (d) ધાર્મિક સ્વતંત્રતા

૧૭. .....અધિકાર દ્વારા લોહીના વેપાર તથા વેઠ પ્રથા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે ?
(a) સમાનતા (b) સ્વતંત્રતા (c) શોષણ વિરુદ્ધના (d) ધર્મ સ્વાતંત્ર્ય

૧૮. .....મૂળભૂત અધિકાર સંપૂર્ણ અને અબાધિત છે.
(a) સમાનતાનો (b) સ્વતંત્રતાનો (c) ધાર્મિક સ્વતંત્રતા નો (d) સાંસ્કૃતિક

૧૯. મંડળ અને સંઘ રચવાનો અધિકાર .....ને આપવામાં આવ્યો નથી.
(a) સરકારી કર્મચારીઓને (b) વેપારીઓને (c) લશ્કરી દળો ના સભ્યોને (d) ખેડૂતોને

૨૦. સ્વતંત્રતા ના અધિકાર હેઠળ નીચેનામાંથી કઈ સ્વતંત્રતા ભોગવી શકાય ?
(a) વાણી અને અભિવ્યક્તિ સ્વાતંત્ર્ય (b) મંડળ અને સંઘ રચવાની (c) મુક્તપણે હરવા ફરવાની (d) ઉપરોક્ત ત્રણેય

૨૧. કયા બંધારણીય સુધારા દ્વારા મિલકતના અધિકારમાં ફેરફાર કરવામાં આવ્યો ?
(a) ૪૨ મા (b) ૪૩ મા (c) ૪૪ મા (d) ૫૨ મા

૨૨. રાજ્ય નીતિના માર્ગદર્શક સિદ્ધાંતોનો સમાવેશ કલમ નં. ..... માં કરવામાં આવ્યો છે.
(a) ૧૯ થી ૨૨ (b) ૨૪ થી ૨૪ (c) ૨૫ થી ૨૮ (d) ૩૬ થી ૫૧

૨૩. માર્ગદર્શક સિદ્ધાંતોના સંદર્ભમાં નીચેનામાંથી કયું વિધાન સાચું નથી ?
(a) માર્ગદર્શક સિદ્ધાંતો પાછળ કાનૂની પીઠબળ છે.
(b) માર્ગદર્શક સિદ્ધાંતો પાછળ પ્રજાકીય પીઠબળ છે.
(c) માર્ગદર્શક સિદ્ધાંતો સામાજિક અને આર્થિક લોકશાહીની સ્થાપના કરવાના ધ્યેયને વ્યક્ત કરે છે.
(d) એકમ રાજ્યોએ આ સિદ્ધાંતને ધ્યાનમાં રાખીને શાસન કરવાનું છે.

૨૪. ભારતીય બંધારણની કલમ નં ૧૬૯ મુજબ...
(a) રાજ્યોની પુનઃ રચના કરી શકાય (b) કોઈપણ રાજ્યની વિધાન પરિષદની રચના કરી શકાય
(c) એકમ રાજ્યની વિધાન પરિષદના અસ્તિત્વને દૂર કરી શકાય. (d) ઉપરોક્ત ત્રણેય

૨૫. સમવાય તંત્રની રચનાનેસ્પર્શતી બાબતોમાં ફેરફાર કરવો હોય ત્યારે ....
(a) સંસદના દરેક ગૃહમાં હાજર અને મતદાન કરતા સભ્યોમાંથી ૨/૩ સભ્યોનો ટેકો
(b) તે ખરડાને કુલ રાજ્યોમાંથી ૫૦% રાજ્યોની ધારાસભાની સંમતિ.
(c) સંસદે પસાર કરેલ આવા ખરડા ને રાષ્ટ્રપતિની મંજૂરી અનિવાર્ય છે.
(d) ઉપરોક્ત ત્રણેય

૨૬. ૨૧ વર્ષના બદલે ૧૮ વર્ષે સાર્વત્રિક પુક્તવય મતાધિકાર અંગેનો ફેરફાર કયા બંધારણીય સુધારા દ્વારા કરવામાં આવ્યો?
(a) ૫૨ મા (b) ૪૨ મા (c) ૬૧ મા (d) ૭૩ મા

૨૭. જ્યારે ધારાસભા અને કારોબારી એકબીજા સાથે પરસ્પર ગાઢ રીતે સંકળાયેલ હોય ત્યારે તે કેવા પ્રકારની સરકાર કહેવાય ?
(a) પ્રમુખીય (b) સંસદીય (c) એકતંત્રી (d) સમવાયતંત્રી

૨૮. નીચેનામાંથી કયો સંસદીય સરકારનો સિધ્ધાંત છે ?
(a) કારોબારી ધારાસભા ને જવાબદાર હોય છે. (b) કારોબારીએ ધારાસભા નો વિશ્વાસ / બહુમતી જાળવી રાખવો પડે છે.
(c) કારોબારી ધારાસભા નું વિસર્જન કરી શકે છે. (d) ઉપરોક્ત તમામ

૨૯. ભારતમાં નામની કારોબારી તરીકે કોને ઓળખવામાં આવે છે?
(a) વડાપ્રધાન (b) રાષ્ટ્રપતિ (c) મુખ્ય ન્યાયમૂર્તિ (d) લોકસભાના અધ્યક્ષ

૩૦. નીચેનામાંથી કોનો સંસદમાં સમાવેશ થતો નથી ?
(a) લોકસભા (b) રાજ્યસભા (c) રાષ્ટ્રપતિ (d) વડાપ્રધાન

૩૧. લોકસભાના સભ્ય બનવા માટેની લઘુતમ ઉંમર કેટલી હોવી જોઈએ?
(a) ૨૮ વર્ષ (b) ૨૫ વર્ષ (c) ૨૧ વર્ષ (d) ૩૫ વર્ષ

૩૨. રાજ્યસભાના સંસદસભ્ય નો મહત્તમ કાર્યકાળ કેટલા વર્ષનો હોય છે ?
(a) ૫ વર્ષ (b) ૬ વર્ષ (c) ૧૦ વર્ષ (d) કાયમી

૩૩. લોકસભાની કાર્યવાહી માટે કાર્ય સાધક સંખ્યા-Quorum કેટલી હોવી જોઈએ?
(a) ૧૦૪ સભ્યોની હાજરી (b) ૫૪ સભ્યોની હાજરી (c) ૧/૩ સભ્યોની હાજરી (d) ૨/૩ સભ્યોની હાજરી

૩૪. કઈ બાબતમાં લોકસભા રાજ્યસભા કરતાં વિશેષ સત્તાઓ ધરાવે છે ?
(a) ધારાકીય (b) નાણાંકીય (c) વહીવટી (d) ન્યાય વિષયક

૩૫. કઈ બાબતમાં સંસદનાં બંને ગૃહ સરખી સત્તાઓ ધરાવે છે ?
(a) અવિશ્વાસ પ્રસ્તાવ પર (b) નાણાંકીય ખરડા પર (c) બંધારણીય સુધારા અંગે (d) ઉપરોક્ત તમામ

૩૬. નીચેનામાંથી કોની સામે દોષારોપની કાર્યવાહી હાથ ધરવામાં આવતી નથી ?
(a) રાષ્ટ્રપતિ (b) ઉપરાષ્ટ્રપતિ (c) મુખ્ય ન્યાયમૂર્તિ (d) વડાપ્રધાન

૩૭. નીચેનામાંથી કોનોરાષ્ટ્રપતિની ચૂંટણીના મતદારમંડળમાં સમાવેશ થાય છે?
(a) લોકસભાના સભ્ય (b) રાજ્યસભાના સભ્ય (c) એકમ રાજ્યની વિધાનસભાના સભ્ય (d) ઉપરોક્ત તમામ

૩૮. નીચેનામાંથી કોનો સર્વોપરી અદાલતના સત્તા અધિકાર ક્ષેત્રમાં સમાવેશ થાય છે ?
(a)મૂળ અધિકાર ક્ષેત્ર (b) વિવાદ - અપિલનું અધિકાર ક્ષેત્ર (c) સલાહ સબંધી અધિકાર ક્ષેત્ર (d) ઉપરોક્ત તમામ

૩૯. નીચેનામાંથી કઈ કટોકટીનો ભારતમાં અમલ કરવામાં આવ્યો નથી?
(a) રાષ્ટ્રીય કટોકટી (b) બંધારણીય કટોકટી (c) નાણાંકીય કટોકટી (d) ઉપરોક્ત તમામ

૪૦. એકમ રાજ્યના બંધારણીય વડા ..... હોય છે.
(a) મુખ્યમંત્રી (b) રાજ્યપાલ (c) મુખ્ય ન્યાયમૂર્તિ (d) વિધાન સભાના અધ્યક્ષ

૪૧. એકમ રાજ્યના મુખ્યમંત્રી ..... ના નામે અને તેમના આદેશથી રાજ્યનો વહીવટ કરે છે.
(a) વડી અદાલત મુખ્ય ન્યાયમૂર્તિ (b) વિધાનસભાના અધ્યક્ષ (c) રાજ્યપાલ (d) રાષ્ટ્રપતિ

૪૨. નીચેનામાંથી ..... સાચું નથી.
(a) વિધાનસભાના સભ્ય બનવા માટે ઉમેદવાર ભારતનો નાગરિક હોવો જોઈએ.
(b) વિધાનસભાના સભ્ય બનવા માટે ઉમેદવાર ની લઘુતમ વય ૨૫ વર્ષની હોવી જોઈએ.
(c) વિધાન પરિષદના સભ્ય બનવા માટે ઉમેદવારની લઘુતમ ઉંમર ૩૦ વર્ષની હોવી જોઈએ.
(d) ઉમેદવાર ભારતની કોઈપણ યુનિવર્સિટી નો સ્નાતક હોવો જોઈએ.

૪૩. એકમ રાજ્યની ધારાસભા નીચેનામાંથી કઈ સત્તા ધરાવતી નથી?
(a) રાજ્ય યાદીના વિષયો પર કાયદા ઘડવાની. (b) નાણાંકીય સત્તાઓ
(c) રાજ્ય મંત્રીમંડળ પર નિયંત્રણ. (d) અદાલતી સમીક્ષાની

૪૪. એકમ રાજ્યના મુખ્યમંત્રીની નિમણુંક કોણ કરે છે ?
(a) રાષ્ટ્રપતિ (b) રાજ્યપાલ (c) મુખ્ય ન્યાયમૂર્તિ (d) વિધાનસભાના ચુંટાયેલા સભ્યો.

૪૫. રાજ્યની વડી અદાલતના સત્તા અધિકાર ક્ષેત્રમાં..... નો સમાવેશ થાય છે.
(a) આદેશો બહાર પાડવાની સત્તા. (b) દેખરેખની સત્તા (c) કોર્ટ ઓફ રેકોર્ડ. (d) ઉપરોક્ત તમામ

૪૬. દીવાની અદાલત..... ને લગતા કેસ હાથ ધરતી નથી.
(a) મિલકત (b) કરાર ભંગ (c) માલિક અને ભાડુઆત (d) ચોરી

૪૭. નીચેનામાંથી ..... નો ગૌણ અદાલતમાં સમાવેશ થાય છે.
(a) દીવાની અદાલત (b) ફોજદારી અદાલત (c) મહેસૂલી અદાલત (d) ઉપરોક્ત તમામ

૪૮. રાજ્યની વડી અદાલતના ન્યાયાધીશ કેટલા વર્ષની વયે સેવા નિવૃત્ત થાય છે ?
(a) ૬૨ (b) ૬૫ (c) ૬૦ (d) ૫૮

૪૯. રાજ્યની વડી અદાલતના ન્યાયાધીશ ના પગાર ..... માંથી અપાય છે.
(a) કેન્દ્ર સરકારમાંથી (b) રાજ્ય સરકારમાંથી (c) રાજ્યની સંચિતનિધિમાંથી (d) કેન્દ્રની સંચિતનીધિમાંથી.

૫૦. એકમ રાજ્યના બંધારણીય વડા રાજ્યપાલ ક્યાં સુધી હોદ્દા પર રહી શકે ?
(a) વડાપ્રધાનની ઈચ્છા હોય ત્યાં સુધી. (b) રાષ્ટ્રપતિની ઈચ્છા હોય ત્યાં સુધી. (c) ૫ વર્ષ સુધી (d) ૬૫ વર્ષની વય સુધી.